# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા નેપસેક સ્પ્રેયર પંપના વિતરણનો કાર્યક્રમ યોજાયો

મકાઇ પાક આદિવાસી વિસ્તારનો મુખ્ય પાક હોવાથી, આ પાકમાં અત્રેના કેન્દ્ર દ્વારા સંશોધિત જાત અને વિવિધ તાંત્રિકતાઓ ખેડૂતો સુધી સમયસર વિસ્તરણ થાય અને મકાઇ પાકમાં વધુમાં વધુ ઉત્પાદન લઇ શકે તે બાબતને ધ્યાનમાં રાખતા અત્રેના કેન્દ્ર દ્વારા ૮ ખેડૂત શિબિરો આયોજીત કરેલ હતી. આ શિબિરોમાં જે ખેડૂતોએ તાલીમ તેમજ મકાઇનુ હાઇબ્રીડ બિયારણ ખરીદેલ હોય તેમને સ્પ્રેયર પંપ નિઃશુલ્ક કીંમતે વિતરણ કરવામાં આવેલ હતા. ખેડુતો પોતાના પરંપરાગત બિયારણની ઓછી ઉત્પાદક્તા માંથી વધુ ઉત્પાદક્તા મેળવતા થાય તે હેતુસર મકાઇ પાક્ની હાઇબ્રીડ જાત જી એ વાય એમ એચ-૧ બિયારણનું વેચાણ કરેલ હતુ. અત્રેના કેંન્દ્ર દ્વારા ચાલતા ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ૨૨૫ નેપસેક સ્પ્રેયર પંપની ખરીદી કરવામાં આવેલ હતી. આ પંપના માધ્યમથી ખેડુતો સમયસર રોગ-જીવાતના નિયંત્રણના પગલા લઇ શકે તે હેતુસર વિતરણ કરેલ હતુ. સમગ્ર કામગીરીનુ સંચાલન ડૉ.ભરતભાઇ ઠક્કર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) એ કરેલ હતુ.

